# હવે તો જાગો

(હવે નહિ જાગો તો ક્યારે જાગશો ?)

○ મહિલા મંડળો ○

○ લેખક ○

**શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમદાવાદ

પો. સુઘડ, જિ. ગાંધીનગર

મો. 87990 59569

# મહિલા મંડળો

દરેક સંઘમાં મહિલા મંડળો ૧-૨-૩-૪ હોય છે. જેમાં અનેક બહેનો જોડાય છે. મહિલા મંડળની બહેનો પૂજાઓ - સ્નાત્ર - સામાયિક - જયણા વગેરે કરાવે છે. ઘણા બહેનોને બપોરે સમય હોય છે તેમાં આવી પ્રવૃત્તિઓથી તેઓનો સમય સદ્પ્રવૃત્તિઓમાં પસાર થાય છે અને ઉત્સાહનું વાતાવરણ જીવનમાં બની જાય છે.

કોઇક મહિલા મંડળો તત્વજ્ઞાનના ક્લાસો પણ ચલાવે છે. નીચેની પ્રવૃત્તિઓ પણ કરાવી શકાય.

Informal social services clubs are called Mahila mandals, schemes for helping each other to a greater extend.

૧) દેરાસર શુદ્ધિ.

૨) ભગવાન શુદ્ધિ.

૩) દેરાસરમાં કાજો લેવો.

૪) દેરાસરમાં અંગલૂંછણાદિ શુદ્ધ અને વ્યવસ્થિત રાખવા.

૫) દેરાસરમાં સ્વચ્છતા રાખવી.

૬) પૂજાઓમાં સંગીતાદિ માટે પોતાના મંડળના બહેનોને વાંજિત્રો શીખવાડવા.

૭) ઘર-ઘરમાં જયણા અભિયાન ચલાવવું.

૮) special રેસીપીના ક્લાસ કરાવવા અને ભક્ષ્ય-અભક્ષ્યની સમજણ આપવી.

૯) આયંબિલ શાળામાં જયણા વિભાગ સંભાળવો.

૧૦) આયંબિલ શાળામાં અનાજાદિમાં જીવાત ન થાય તેનું ધ્યાન રાખવું.

૧૧) જીવવિચારાદિ તત્વજ્ઞાનના ક્લાસો ચલાવી બહેનોને જ્ઞાનથી સમૃદ્ધ બનાવવા.

૧૨) બહેનોની વચ્ચે નવી નવી સ્પર્ધાઓ ગોઠવવી.

૧૩) બહેનોને જરૂરિયાત મુજબના ગહુંલી-રંગોલી-આદિના ક્લાસો ચલાવવા.

૧૪) જ્ઞાનભંડાર/લાઇબ્રેરીમાં પુસ્તકના પૂંઠા ચઢાવવા-કબાટ સ્વચ્છ રાખવા વગેરેમાં મદદ કરવી.

૧૫) બહેનોને Self-defence-લવજેહાદ-ધર્માંતર વગેરે વિષયો ઉપર વિશેષ સમજાવવા માટે પૂ. સાધ્વીજી અથવા કોઇ વક્તાને બોલાવવા.

૧૬) બીજી બીજી પ્રવૃત્તિઓમાં જોડી તેઓની શક્તિ બહાર લાવવી. ખાસ ક્વીઝ-ડીબેટાદિ રમાડવા દ્વારા સક્રિયતા રાખવી.

૧૭) દર શનિવારે સાંજે નવા નવા બહેનોના આયોજનો ગોઠવવા.

૧૮) બહેનો વધુમાં વધુ દેરાસર ઉપાશ્રય આવે તેવા આયોજનો ગોઠવવા જોઇએ. વર્ષે મેળાવડામાં ઇનામાદિ આપવા દ્વારા પ્રોત્સાહિત કરવા.